# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07-08-2024** **Morning : 7.10 to 7.20**
**Day: Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

- ગુજરાત સતત બીજી વખત આરોગ્ય સુવિધા સુખાકારી ક્ષેત્રે દેશભરમાં પ્રથમ ક્રમે.
- રાજ્યમાં વન અધિકાર અધિનિયમ અંતર્ગત એક લાખથી વધુ વનબંધુ સાડા પાંચ લાખ હેક્ટરથી વધુ જમીનના માલિક બન્યા
- રાજ્યમાં ચાંદીપુરા વાઈરસ સંક્રમીત કેસોની સંખ્યા વધીને 159 થઈ.
- રાજ્ય સહિત દેશભરમાં આજે રાષ્ટ્રીય હાથશાળ દિવસની ઉજવણી.
- હવામાન વિભાગે આજથી 12 ઓગસ્ટ સુધી રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદથી આગાહી કરી.

-----------------------------------------------------------------------------------------------

# CM NITI AYOG

રાજ્યમાં માતા અને બાળ મૃત્યુદરમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. નીતિ આયોગે જાહેર કરેલા સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ ઇન્ડેક્સના ચોથા અહેવાલમાં આ માહિતી સામે આવી છે. આ અહેવાલ મુજબ, ગુજરાત રાજ્ય સતત બીજી વખત આરોગ્ય સુવિધા સુખાકારી ક્ષેત્રે દેશભરમાં પ્રથમ ક્રમાંકે રહ્યું છે. આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે આ સિદ્ધિ બદલ આરોગ્યકર્મીઓની કામગીરીને બિરદાવી તેમને અભિનંદન પાઠવ્યા હતા.

આ ક્રમાંક માટે માતા મૃત્યુદર, 5 વર્ષથી નાના બાળકોનો મૃત્યુદર, બાળકોનું રસીકરણ, સંસ્થાકીય પ્રસુતિ, ટીબીના કેસની નોંધણી સહિતના

આરોગ્ય અને સુખાકારીના સંદર્ભે 11 જેટલા આરોગ્ય વિષયક માપદંડોની સમીક્ષા કરવામાં આવે છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સોશિયલ મીડિયાના એક સંદેશમાં કહ્યું, રાજ્યને આ સિદ્ધિ માતા અને બાળ મૃત્યુદરમાં મોટો ઘટાડો, સંસ્થાકીય પ્રસુતિ તેમ જ બાળકોના સંપૂર્ણ રસીકરણમાં મોટો વધારો કરવાના કારણે હાંસલ થયો છે. ઉપરાંત, ચેપી રોગો જેવા કે, ટીબી નિયંત્રણમાં ઉત્કૃષ્ટ કામગીરી તેમ જ H.I.V.-એઈડ્સના પ્રસરણમાં મોટા પાયે થયેલા ઘટાડા તથા મેડિકલ અને પેરા-મેડિકલ માનવ બળમાં થયેલા વધારાના કારણે પણ રાજ્યને આ સિદ્ધિ મેળવવામાં સફળતા મળી છે.

.....................................................................

# VANBANDHU JAMIN MALIK

આગામી નવમી ઑગસ્ટે વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરાશે. ત્યારે રાજ્યમાં વન અધિકાર અધિનિયમ અંતર્ગત એક લાખથી વધુ વનબંધુ સાડા પાંચ લાખ હેક્ટરથી વધુ જમીનના માલિક બન્યા છે. વન અધિકાર અધિનિયમ 2006 કાયદા અંતર્ગત સરકારે વ્યક્તિગત તેમ જ સામુદાયિક કુલ 1 લાખ 2 હજાર 612 દાવા મંજૂર કર્યા છે. આના કારણે 5 લાખ 59 હજાર 332 હેક્ટર જમીન વનબંધુ માટે માન્ય રાખવામાં આવી છે.

વર્ષ 2023માં આવેલી મુખ્યમંત્રી વન અધિકાર ખેડૂત ઉત્કર્ષ યોજના અંતર્ગત લાભાર્થીઓને પશુ સહાયનો લાભ, બકરાં ઉછેર માટે સહાય વગરેનો લાભ આપવામાં આવે છે. આ યોજના અંતર્ગત વર્ષ 2023-24માં 39 કરોડ 82

લાખ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. અત્યાર સુધીમાં 16 હજાર 980 લાભાર્થીઓને તેનો લાભ અપાયો છે.

.....................................................................

# Chandipura

રાજ્યમાં અત્યાર સુધીમાં એન્કેફેલાઇટીસ - ચાંદીપુરાના કુલ 159 કેસો નોંધાયા છે. જે પૈકી સૌથી વધુ પંચમહાલ જિલ્લામાં 7 કેસ જ્યારે અમદાવાદ, જામનગર, મોરબી, વડોદરા, દેવભૂમિ દ્વારકા, રાજકોટ, ભરૂચ, પોરબંદર અને પાટણ જિલ્લામાં સૌથી ઓછા 1-1 પોઝીટીવ કેસ મળેલ છે.

નોંધાયેલ 159 કેસમાંથી કુલ 71 દદીઓ મૃત્યુ પામ્યા છે. રાજ્યના વાયરલ એન્કેફેલાઇટીસના 14 દર્દી દાખલ છે તથા 74 દર્દીઓને રજા આપવામાં આવી છે.  આરોગ્ય ટીમ દ્વારા પોઝીટીવ અને શંકાસ્પદ દર્દીના ઘર અને આસપાસનાં વિસ્તારના ઘરો મળીને કૂલ 52 હજાર 153 ઘરોમાં સર્વેલિયન્સની કામગીરી કરવામાં આવી છે.

.....................................................................

# GUJ ASSEMBLY

વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ આગામી 21 ઑગસ્ટથી વિધાનસભા સત્ર બોલાવવા માટેની રજૂઆત રાજ્યપાલ આચાર્ય દેવવ્રતને કરી છે. અધ્યક્ષે રાજ્યપાલ શ્રીને કરેલી રજૂઆતમાં 21 ઓગસ્ટના રોજ બપોરે 12

વાગ્યાથી સભાગૃહ બોલાવવા માટેનું અહ્વાન કર્યું છે. અધ્યક્ષ દ્વારા વિધાનસભાના તમામ સભ્યોને આ દિવસે સભાગૃહની બેઠકમાં ઉપસ્થિત રહેવા જણાવ્યું છે.

……………………………………………………………

## RATION CARD E KYC

રાજ્ય સરકારે રેશનકાર્ડ ધારકો માટે ઈ-કે.વાય.સી ફરજિયાત કર્યું છે, ત્યારે રેશનકાર્ડ માટે ઈ કેવાયસી સંદર્ભે રાજ્ય વ્યાપી ઝુંબેશ શરૂ થવા જઈ રહી છે.

જે અંતર્ગત રાજ્ય સરકારના મુખ્ય સચિવ રાજકુમારે ગઈકાલે ગાંધીનગરના મોટા ચિલોડા ગ્રામ પંચાયત ખાતે માટે ઈ-કે.વાય.સી અભિયાન સંદર્ભે ડેમોસ્ટ્રેશન નિહાળી સમગ્ર પ્રક્રિયાનું નિરીક્ષણ કર્યું હતું. રાજ્યના મુખ્ય સચિવ રાજકુમાર ઉપરાંત અધિક મુખ્ય સચિવ ઉચ્ચ ટેકનિકલ શિક્ષણ વિભાગ સુનયના તોમર સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ અવસરે મહાનુભાવોએ મોટા ચિલોડાની પ્રાથમિક શાળાની પણ મુલાકાત લીધી હતી અને શાળામાં શિષ્યવૃત્તિ મેળવનાર વિદ્યાર્થીઓ માટે ઈ-કે.વાય.સી પ્રક્રિયાનું નિરીક્ષણ કર્યું હતું.

……………………………………………………………

## RASHTRIYA HATHSHAL DIVAS

રાજ્યમાં આજે રાષ્ટ્રીય હાથશાળ દિવસની ઉજવણી કરાશે. દરમિયાન અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા અને ભાવનગર તેમ જ મુંબઈના બોરીવલી ખાતે હસ્તકલા પ્રદર્શન અને વેચાણ મેળો યોજાશે.

અમદાવાદમાં પંડિત દિનદયાળ ઉપાધ્યાય ઑડીટોરીયમ ખાતે યોજાનારા પ્રદર્શન અને ઉજવણી કાર્યક્રમ દરમિયાન રાષ્ટ્રીય પુરસ્કાર તથા સંત કબીર પુરસ્કાર વિજેતા હાથશાળ કારીગરોનું સન્માન કરાશે. સાથે જ ગરવી ગુર્જરી એમ્પોરિયમના સ્ટાફ માટે નેશનલ ઇન્સ્ટીટ્યુટ ઓફ ડિઝાઈન - NID દ્વારા તૈયાર કરાયેલા નવા ગણવેશને પણ લોન્ચ કરાશે.

ઉલ્લેખનીય છે કે, ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ દ્વારા વર્ષ 2024-25 દરમિયાન રાજ્યના 3 હજાર 200 જેટલા હાથશાળ કારીગરો પાસેથી વિવિધ હાથથાળ બનાવટોની ખરીદી કરીને કારીગરોને 690 લાખ રૂપિયાથી વધુની રોજગારી પૂરી પાડવામાં આવી છે.

નિગમ દ્વારા ગયા વર્ષે છેલ્લા 50 વર્ષના ઇતિહાસમાં સૌથી વધુ 25 કરોડ રૂપિયાથી વધુનું વેચાણની સિદ્ધિ હાંસલ કરવામાં આવી હતી.

....................................................................

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો.

....................................................................

# TIRANGA YATRA MEETING

તિરંગા યાત્રા સંદર્ભે ગઈકાલે અમદાવાદના રિવરફ્રન્ટ હાઉસ ખાતે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઇ ગઈ.

આ બેઠકમાં ગૃહ રાજ્યમંત્રીએ વિવિધ વિભાગોના અધિકારીઓ અને પદાધિકારીઓ સાથે આ યાત્રાના સુચારું આયોજન અંગે વિગતવાર ચર્ચા કરી હતી. તેમણે તિરંગા યાત્રાને સફળ બનાવવા માટે કેટલાંક જરૂરી સૂચનો આપ્યાં હતાં.આ બેઠકમાં અમદાવાદ શહેર અને જિલ્લાના  ધારાસભ્યો અને મેયર પ્રતિભા જૈન સહિતના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

……………………………………………………………

# Katch rojagar diwas & tree plantations

કચ્છ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અને મનરેગાયોજના અંતર્ગત જિલ્લાની ૫૭ ગ્રામ પંચાયત ખાતે રોજગાર દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

અમારા કચ્છ જિલ્લાના પ્રતિનિધિ જણાવે છે કે, ગ્રામજનોને મનરેગા યોજનાની માહિતી, નવા જોબકાર્ડ, નવા વ્યક્તિગત કામોની માહિતી આપી, સામૂહિક કામોની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. જિલ્લાના તમામ ગામોમાં “એક પેડ માં કે” નામ અંતર્ગત વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું તથા વધુ વૃક્ષો વાવવા માટે  શપથ લેવડાવવામાં આવ્યા હતા.

……………………………………………………………

# RAIN OVER ALL

દક્ષિણ ગુજરાત અને મહારાષ્ટ્રના ઉપરવાસના વિસ્તારોમાં પડી રહેલા સતત વરસાદને પગલે ઉકાઈ ડેમની સપાટીમાં સતત વધારો થઈ રહ્યો છે.

ગઈકાલે ઉકાઈ ડેમમાં 97 હજાર 969 ક્યુસેક પાણીની આવક થઈ હતી, આ સાથે હાલ ડેમની સપાટી 334.27 ફૂટ પર પહોંચી હતી. અમારા પ્રતિનિધિ નિરવ કંસારા જણાવે છે કે ડેમની સપાટી રૂલ લેવલ નજીક પહોંચતા ગઈકાલે ડેમના ચાર દરવાજા ખોલવામાં આવ્યા, જેથી તાપી નદીમાં 40 હજાર 270 ક્યુસેક પાણી છોડવામાં આવ્યું.

ગઈકાલે દિવસ દરમિયાન રાજ્યના 90 જેટલા તાલુકાઓમાં વરસાદ વરસ્યો હતો. જેમાં તાપીના નિર્ઝરમાં સૌથી વધુ 17 મિલિમીટર, વડોદરાના સિનોરમાં 15 મિલિમીટર, આણંદના અંકલાવ 13 મિલિમીટર, ભરૂચના વાગરા અને અરવલ્લીના ભિલોડામાં 10-10 મિલિમીટર વરસાદ નોંધાયો હતો. આ ઉપરાંત અન્ય તાલુકાઓમાં સાતથી માંડીને એક મિલિમીટર સુધીનો વરસાદ વરસ્યો હતો.

.....................................................................

# WEATHER FORECAST

હવામાન વિભાગે આજથી 12 ઓગસ્ટ સુધી રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે.

આવતીકાલે બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા, ગાંધીનગર, અમદાવાદ, નવસારી, વલસાડ, સુરત સહિત ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં ઘણાં સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદ થવાની શક્યતા છે, અને કચ્છ તેમજ સૌરાષ્ટ્રનાં જૂનાગઢ, પોરબંદર, દેવભૂમિ દ્વારકા સહિતના અમુક

સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. દરમિયાન આજે રાજ્યનાં 96 તાલુકાઓમાં સામાન્ય વરસાદ નોંધાયો હતો.

.................................................................

## PORBANDAR DRUGS

પોરબંદર તાલુકાના ઓડદરગામ પાસેનાદરિયા કિનારેથી પોલીસ આશરે 1 કિલોગ્રામથી વધુનો માદક પદાર્થોનો જથ્થો જપ્ત કર્યો છે. જેની કિંમત 2 લાખ રૂપિયા વધુની થાય છે. પ્રાથમિક તારણ મુજબ કોઇ અજાણ્યા શખ્સોએ આ પદાર્થોને દરિયામાં ફેંકી દીધા હોવાનું જાણવા મળેલ છે. પોલીસે આ અજાણ્યા શખ્સો સામે ગુન્હો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે .

.................................................................

## PROTECTION WALL-SANSAD

વલસાડ લોકસભાના સાંસદ ધવલ પટેલે ગઈકાલે સંસદમાં વલસાડ જિલ્લામાં દરિયાઈ ધોવાણથી થતા નુકસાનના પ્રશ્ન ઉઠાવ્યા હતાં.

શ્રી પટેલે દ્વારા દરિયા કિનારાના ગામોને સૌથી વધુ સ્પર્શતા દરિયાઈ જિલ્લાના ગામોમાં પાણીના ધોવાણથી ગામ લોકોને થતા નુકસાનના નિવારણ અંગે જરૂરી સુરક્ષા દિવાલ બનાવવાની કામગીરી અંગે જરૂરી પ્રશ્નો રજૂ કર્યા હતા. જેમાં વલસાડ તાલુકાના મોટી દાંતી, નાની દાંતી કકવાડી, ભદેલી જગાલાલા, કોસંબા, ભાગલ સહિતના ગામ ખાતે સુરક્ષા દિવાલ બનાવવા અંગેની જરૂરી રજૂઆતો કરી હતી, જે અંગે વિભાગ દ્વારા જરૂરી ટેકનીકલ સરવે કરાયા બાદ સકારાત્મક નિકાલ કરવા અંગેની ખાતરી આપવામાં આવી હતી.

.................................................................

# Nari Vandan Utsav

રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર તથા મહિલા અને બાળ વિકાસ અધિકારીની કચેરીના સંયુક્ત ઉપક્રમે કલેકટર પ્રભવ જોષીના અધ્યક્ષ સ્થાને મહિલાઓ માટે કામકાજના સ્થળે જાતીય સતામણી અંગે જાગૃતિલક્ષી સેમિનાર યોજાયો હતો. આ પ્રસંગે કલેકટર પ્રભવ જોષીએ જણાવ્યું કે, દરેક મહિલાઓ પોતાના સ્વરક્ષણ માટે મહિલાલક્ષી કાયદા વિશે માહિતી મેળવે તે ખૂબ જરૂરી છે.

પાટણ જિલ્લામાં પણ નારી વંદન ઉત્સવ અને મહિલા કર્મયોગી દિવસની ઉજવણી અંતર્ગત પાટણના સમી ખાતે કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી અધિનિયમ-2013 અંતર્ગત એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં મહિલા શિક્ષિકાઓને જાતીય સતામણી અંગેના કાયદાની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી તેમજ પ્રશ્નોની આપ લે કરી તેનું નિરાકરણ લાવવામાં આવ્યું હતું. આ ઉપરાંત માનસિક સ્વાથ્ય અને શારીરિક સ્વાસ્થ્ય વિશે વિસ્તૃત સમજ આપીને મનોરોગો વિશે જાગૃત કરવામાં આવ્યા હતા.  આ પ્રસંગે ઉપસ્થિત મહિલા શિક્ષિકાઓને સેનેટરી પેડ અને IEC કીટ આપવામાં આવી હતી.

.................................................................